## કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
## કચ્છ યુનિવર્સિટી,ભુજ

### ઓનલાઈન પરીક્ષા લેવા અંગેના ટેન્ડરની જાહેરાત

કે.એસ.કે.વી કચ્છ યુનિવર્સિટી ,ભુજ ધ્વારા કોરોના વાયરસની સાવચેતીના ભાગ ઓનલાઈન પરીક્ષા લેવા માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસે ટેન્ડર મંગાવવામાં આવે છે.ટેન્ડરની તમામ વિગત યુનિવર્સિટીની વેબસાઈડ **Kskvku.digitaluniversity.ac.in** પરથી મેળવી શકાશે. ટેન્ડર પર સ્પષ્ટ **ઓન લાઈન પરીક્ષા લેવા અંગેનુ ટેન્ડર લખવાનુ રહેશે.**

ટેકનીકલ બીડ અને પ્રાઈઝબીડ બન્ને અલગ અલગ કવર કુલસચિવશ્રી કચ્છ યુનિવર્સિટીના નામે પોસ્ટ/રજીસ્ટર એ.ડી થી મોકલવાનુ રહેશે.રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

કુલસચિવ

Krantiguru Shyamji Krishnavarma Kutch University +
Bhuj - Kutch
370001

# કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
## ભુજ – કચ્છ

ટેન્ડરો વેબસાઈટ પર મેળવવાની તથા
ટેન્ડર ફોર્મ ભરવાની
છેલ્લી તારીખ : ૦૫/૦૯/૨૦૨૦

ટેન્ડર ફી ૧,૦૦૦/– (નોન રીફંડેબલ)
ટેક. બીડના દસ્તાવેજો હાર્ડ કોપીમાં જમા કરાવવાની
છેલ્લી તારીખ : ૦૯/૦૯/૨૦૨૦

## ઓનલાઈન પરીક્ષા લેવાનું ટેન્ડર ફોર્મ
## અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ : ૨૦,૦૦૦/–

## કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
## ચંગલેશ્વર મંદિરની બાજુમાં, મુન્દ્રા રોડ,ભુજ – કચ્છ

**નોંધ :**

૧. ટેકનીકલ બીડમોડા માં મોડા તા. ૦૯/૦૯/૨૦૨૦ ના ૧૨:૦૦ કલાક પહેલા કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ ને મળી જાય તે રીતે મોકલવવાના રહેશે. સીલબંધ કવર ઉપર **"ઓનલાઈન પરીક્ષા લેવા અંગેનું ટેન્ડર ટેકનીકલ બીડ દસ્તાવેજ"** એ પ્રમાણે સ્પષ્ટ લખવાનું રહેશે.

૨. ટેન્ડર તેમજ અન્ય માહિતી પર ડાઉનલોડ કરી શકશે. તેમજ ભાવપત્રક (પ્રાઈઝબીડ) ઓનલાઈન www.kskvku.ac.in મારફતે ભરવાનું રહેશે.

**કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ**
**ઓનલાઈન પરીક્ષા લેવા અંગે ટેન્ડર ફોર્મ પૂરા પાડવા અંગેની માહિતી**

➢ **ટેન્ડરરે કરવાની કામગીરીની વિગત :–**

૧. ટેન્ડરરે વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન ની વ્યવસ્થા કરવાની રહેશે.

૨. જે વિદ્યાર્થી રજીસ્ટ્રેશન કરી પરીક્ષા આપે છે તે જ વિદ્યાર્થી છે તેની ખાતરી કરવાની રહેશે.

૩. દરેક પ્રશ્ને અથવા સમયાંતરે વિદ્યાર્થીનો ફોટો ક્લીક થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

૪. એક પ્રશ્ન એક મિનિટ જ સ્ક્રીન પર રહે અને ત્યાર બાદ તરત જ બીજો પ્રશ્ન પ્રસ્તુત થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

૫. પરીક્ષા આપનાર વિદ્યાર્થી સિવાય બીજુ કોઈ વ્યકિત સ્ક્રીન પર આવે તો એ વિદ્યાર્થીની પરીક્ષા ત્યાં જ પૂર્ણ થઈ જાય એવી વ્યવસ્થા કરવાની રહેશે.

૬. પરીક્ષા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીનો તમામ ડેટા માર્કસ સાથે યુનિવર્સિટીને મોકલી આપવાના રહેશે.

૭. પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ઓનલાઈન ગેરરીતિ ન થાય તેની જવાબદારી ટેન્ડરરની રહેશે.

૮. યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ પ્રશ્નપત્રોને ઓનલાઈન કરવાની જવાબદારી ટેન્ડરર ની રહેશે.

Krantiguru Shyamji Krishnavarma Kutch University
Bhuj - Kutch
370001

૯. યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓના પ્રશ્નપત્રો યુનિવર્સિટી દ્વારા પુરા પાડવામાં આવશે. જેની ભાષા ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત વગેરે માં પ્રશ્નપત્રો ટાઈપ કરી ઓનલાઈન મુકવાના રહેશે.

૧૦. યુનિવર્સિટી દ્વારા જે પરીક્ષા લેવાની છે તેમના રજીસ્ટ્રેશન ટેન્ડરરે કરવાના રહેશે અને **USERNAME** અને **PASSWORD** વિદ્યાર્થીઓને આપવાના રહેશે. જનરેટ કરવાના રહેશે.

૧૧. ઓનલાઈન પરીક્ષા અંગે વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તેના માટે ટેન્ડરરે હેલ્પલાઈન નંબર દ્વારા વિદ્યાર્થીઓની મુંઝવણ દુર કરવાની વ્યવસ્થા કરવાની રહેશે.

૧૨. વિદ્યાર્થીઓના પરિણામની પ્રક્રિયા સોફટવેર દ્વારા કરવાની રહેશે અને જવાબની કી ઓનલાઈન અપલોડ કરવાની રહેશે.

૧૩. યુનિવર્સિટીએ નકકી કરેલ ટાઈમટેબલ પ્રમાણે ઓનલાઈન પરીક્ષા લેવાની રહેશે.

૧૪. પરીક્ષા દરમયાન હાર્ડવેર, સોફટવેર અને મેન પાવર સુવ્યવસ્થિત છે કે નહિ એ સુનિશ્ચિત કરવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.

૧૫. પ્રશ્નપત્ર અપલોડ, ડાઉનલોડ, ઈન્સ્ટોલ અને સુરક્ષીત કરવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.

૧૬. **MCQ** પદ્ધતિથી ઓનલાઈન પરીક્ષા લેવાની રહેશે.

૧૭. એક સાથે ૧ હજાર કે તેથી વધારે વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાની રહેશે.

૧૮. ઓનલાઈન પરીક્ષા આધારીત પરીક્ષણ માટે યુનિવર્સિટી ની જરૂરીયાત મુજબ સોફટવેર કસ્ટમાઈઝ કરી આપવા તથા ભવિષ્યમાં કોઈ કાનુની વિવાદ ઉભો થાય તે માટે જરૂરી ડેટા એનેલાઈઝ કરી આપવાનો રહેશે.

૧૯. વિદ્યાર્થીઓએ સબમીટ કરેલી **MCQ** ની **PDF** અને બાયોમેટ્રીક ની વિગત જે તે પરીક્ષા પૂર્ણ થયાના દિન–૨ માં મોકલી આપવાની રહેશે.

૨૦. પરીક્ષાના માર્કસ પ્રશ્નપત્ર પૂરૂ થયાના એક કલાકમાં યુનિવર્સિટીમાં મોકલી આપવાના રહેશે.

૨૧. ઓનલાઈન પરીક્ષા લેવા અંગેનો એક ડેમો વિડિયો અને **PDF** બનાવી યુનિવર્સિટી માં આપવાની રહેશે.

૨૨. મોક ટેસ્ટ ગોઠવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે. તેમાં આવેલી ઉણપ ફાઈનલમાં દુર કરવાની રહેશે.

૨૪. પરીક્ષા દરમ્યાન ટેકનીકલ અને વહીવટી જ્ઞાન ધરાવતા એજન્સીના વ્યકિતએ પરીક્ષા દરમ્યાન પરીક્ષા સેન્ટર પર હાજર રહેવાનું રહેશે.

૨૫. ટેન્ડર મંજુર, નામંજુર શરતમાં ફેરફાર કરવાની સતા યુનિવર્સિટીની રહેશે.

૨૬. વિદ્યાર્થીઓના યુનિ. પોર્ટલ પર જનરેટ જયેલ સીટ નબંર ઈમ્પોર્ટ કરવાની વ્યવસ્થા કોર્ષવાઈઝ/પેપરવાઈઝ કરવાની રહેશે.

૨૭. વિદ્યાર્થી **Smart Phone/Tablet/PC/Laptop** પરથી પરીક્ષા આપી શકે તે જોવાનું રહેશે તથા કાર્યવાહી કરવાની રહેશે.

Krantiguru Shyamji Krishnavarma Kutch University
Bhuj - Kutch
370001

➢ ટેન્ડરર માટે યોગ્યતાના માપદંડ

| ક્રમ | યોગ્યતાના માપદંડ | જરૂરી દસ્તાવેજો |
|---|---|---|
| ૧ | ટેન્ડરર ભારતીય રજીસ્ટર્ડ કંપની/પેઢી હોવી જોઈએ. ૧૯૫૬ના કંપની રજીસ્ટ્રેશન એકટ હેઠળ નોંધાયેલી હોવી જોઈએ. અથવા મર્યાદિત જવાબદારી ભાગીદારી પેઢી એકટ ૨૦૦૮ હેઠળ નોંધાયેલી હોવી જોઈએ અને બીડ પ્રકાશિત થયાની તારીખ પ્રમાણે છેલ્લા ૫ વર્ષથી કાર્યરત હોવી જોઈએ. | જરૂરી હોય તે મુજબ અરજી પ્રમાણપત્ર/કામગીરી ની નકલ |
| ૨ | ટેન્ડરરે છેલ્લા ૩ નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછું ૭૫ લાખ રૂપિયાનું ટર્નઓવર | ૧. છેલ્લા ત્રણ વર્ષના હિસાબોનું સી.એ.નું પ્રમાણપત્ર<br>૨. છેલ્લા ત્રણ વર્ષના ઈન્કમટેક્ષ રીટર્ન ભર્યાની વિગત |
| ૩ | ટેન્ડરરે શિક્ષણક્ષેત્રમાં કામ કર્યાનો ઓછામાં ઓછા ૫ વર્ષનો અનુભવ હોવો જોઈએ. | વર્ક ઓર્ડર અને કામ પુર્ણ કર્યાની પ્રમાણપત્રની નકલ |
| ૪ | ટેન્ડરરે ન્યુનતમ આ પ્રકારના જે પ્રોજેકટ પુર્ણ કરેલ હોવો જોઈએ. | વર્ક ઓર્ડર અને કામ પુર્ણ કર્યાની પ્રમાણપત્રની નકલ |
| ૫ | ટેન્ડરર પાસે માન્ય જી.એસ.ટી. નોંધણીનો નંબર હોવો જોઈએ | જી.એસ.ટી. પ્રમાણપત્ર |
| ૬ | ટેન્ડરરે વેચાણવેરા, વેટ અને પાનકાર્ડ ધરાવતા હોવા જોઈએ | જરૂરી પ્રમાણપત્રો જોડવા |
| ૭ | ટેન્ડરર **ISO** પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ | **ISO** પ્રમાણપત્રો જોડવું |
| ૮ | ટેન્ડરર ઓછામાં ઓછી ત્રણ માન્ય યુનિવર્સિટીનો ઓનલાઈન પરીક્ષા લીધાનો ૨ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ | કરેલ કામગીરીની વિગત અને પ્રમાણપત્રો જોડવા |
| ૯ | ટેન્ડરરને કોઈ સંસ્થા/સરકાર/યુનિવર્સિટી એ બ્લેકલિસ્ટ કરેલ હોવા જોઈએ નહિ. | સંદર્ભનું પ્રમાણપત્ર જોડવું |
| ૧૦ | ટેન્ડરર ગુજરાતની કોઈપણ ત્રણ સ્ટેટ યુનિવર્સિટીનો પરીક્ષા/પરિણામની કામગીરીનો અનુભવ ધરાવતા હોવો જોઈએ | સંદર્ભનું પ્રમાણપત્ર જોડવું |

➢ સામાન્ય શરતો :–

૧. આ કામ અંગેના ટેન્ડર ભાવપત્રક www.kskvku.ac.in ની વેબસાઈટ પર મેળવવાની તથા ભરવાની અંતિમ તા. ૦૫/૦૯/૨૦૨૦ છે. યુનિવર્સિટીએ નિયત કરેલ ટેન્ડર અર્નેસ્ટ મની ડીપોઝીટ, ટેન્ડર ફી તથા સાધનિક કાગળો **ટેકનીકલ બીડ** તા. ૦૫/૦૯/૨૦૨૦ ના રોજ અથવા તે પહેલા મળે તે રીતે કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ ને મોકલવાના રહેશે. કવર ઉપર "ઓનલાઈન પરીક્ષા લેવા ઈ–ટેન્ડર ભાવોના ટેકનીકલ બીડ" એમ સ્પષ્ટ લખવું. સદરભાવ સને – ૨૦૨૦–૨૧ ના વર્ષમાટે માન્ય રહેશે.

૨. આ ટેકનીકલ બીડ તા. ૧૦/૦૯/૨૦૨૦ ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે ટેન્ડર ભરનાર અથવા તેમના પ્રતિનિધિની હાજરીમાં ખોલવામાં આવશે. હાજર રહેનાર પ્રતિનિધિએ અધિકૃત પત્ર **(Authorization Letter)** રજુ કરવાનો રહેશે. ટેન્ડર ભરનાર અથવા તેમના પ્રતિનિધિ હાજર નહી હોય તો પણ નિયત સમયે અને તારીખે ટેકનીકલ બીડ ખોલવામાં આવશે. ટેકનીકલ બીડની તમામ વિગતો ભરવી જરૂરી છે. વધુમાં પ્રાઈઝબીડ તા. ૧૦/૦૯/૨૦૨૦ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક પછી ખોલવામાં આવશે.

૩. ટેકનીકલ બીડ સાથે ટેન્ડર ફી રૂા. ૧,૦૦૦/– અને અર્નેસ્ટમની ડિપોઝીટ રૂા. ૨૦,૦૦૦/– નો અલગ બેંક ડ્રાફ્ટ તરીકે જમા કરાવવાનો રહેશે. નિયત કરેલ ટેન્ડર ફી અને અર્નેસ્ટમની ડિપોઝીટ મોકલેલ નહી હોય તો તે ટેકનીકલ બીડને ધ્યાનમાં લેવામાં આવશે નહી. બન્ને ડી.ડી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ – કચ્છ ના નામનો તૈયાર કરી જોડવાનો રહેશે.

Krantiguru Shyamji Krishnavarma Kutch University Bhuj - Kutch 370001

૪. ભાવપત્રક મંજુર ન થાય તો અર્નેસ્ટમની (EMD) રકમ પરત કરવામાં આવશે. જેનું ભાવપત્રક મંજુર થશે તેઓએ ભાવપત્રક મંજુર થયા ની જાણ થયા ના દિન–૩માં સિકયોરીટી ડીપોઝીટ તરીકે વર્ક ઓર્ડરના ૫% ના દર રકમ ડી.ડી. દ્વારા જમા કરવાની રહેશે. સમયમર્યાદામાં આ રકમ જમા નહી થાય તો ભરેલ અર્નેસ્ટ મની રકમ જપ્ત કરવામાં આવશે, અને આ ટેન્ડરનું કામ અન્યને સદંપી શકાશે.

૫. જેનું ભાવપત્રક મંજુર થાય તેઓએ ભરેલ અર્નેસ્ટ મની રકમ ઉપરાંત સિકયોરીટી ડિપોઝીટની રકમ ભરવાની રહેશે. આ ડીપોઝીટ સંતોષકારક કામ સંપુર્ણ થયા બાદ જ પરત આપવામાં આવશે. આ માટે ભરેલ અર્નેસ્ટ મની તથા સિકયોરીટી ડીપોઝીટ ની મુળ પહોચ રજુ કરવાની રહેશે. ડીપોઝીટના ૪.૨૫% ટકા +૩૦૦ ના સ્ટેમ્પ પેપર પર યુનિવર્સિટી સાથે કરાર કરવાનો રહેશે.

૬. યુનિવર્સિટી માં ભરેલ અર્નેસ્ટ મની અને સિકયોરીટી ડીપોઝીટ ની રકમ ઉપર વ્યાજ મળશે નહી.

૭. સૌથી નીચા ભાવ જ સ્વીકારવા એ યુનિવર્સિટી ને બંધનકર્તા નથી. કોઈપણ કારણ આપ્યા સિવાય એક અથવા બધા જ ભાવપત્રક નામંજુર કરવાનો તેમજ અંશતઃ સ્વીકારવાનો અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે.

૮. કોઈપણ પ્રકારે શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. શરત સાથેના આવેલ ટેન્ડરો રદ ગણાશે. તેમજ ટેન્ડર રજૂ કર્યા બાદ શરતચૂક, ભુલ કે ગેરસમજ કમે અન્ય કોઈપણ કારણે ફેરફાર કે સુધારા–વધારા કરવા દેવામાં આવશે નહી.

૯. પ્રાઈસ બીડ માં ઓનલાઈન પરીક્ષા લેવા અંગે એક વિદ્યાર્થીના એક પેપર દીઠ ભરેલ ભાવો તમામ ખર્ચ અને વેરા – **GST** સહિતના સાથેના ભરવાના રહેશે.

૧૦. ટેન્ડરમાં ઓનલાઈન પરીક્ષા લેવાનો ખર્ચ, **GST**, અન્ય કરવેરા સહિત તમામ ખર્ચા ઉમેરીને ભાવ ભરવાના રહેશે. પાછળથી કોઈ ખર્ચ મજરે આપવામાં આવશે નહિ. સરકારી ધારાધોરણ અન્વયે કરવેરા અને આવકવેરાની કપાત કરવામાં આવશે.

૧૧. ઓર્ડર મળ્યાથી દિન–૫માં અથવા યુનિવર્સિટી ઓર્ડરમાં દર્શાવે તે સમયમર્યાદામાં ઓનલાઈન પરીક્ષાઓ લેવાની રહેશે.

૧૨. જેમનું ભાવપત્રક મંજુર થયેલ હશે તે પાર્ટીએ સુચના મુજબ પોતાનું કામ સમયસર પુરૂ ન કરે તો નુકસાનની રકમ વસુલ લેવાની અગર તો એમનું કામ યુનિવર્સિટીને બરાબર ન જણાય તો તે બીજા સાધનો દ્વારા કરાવી લેવાનો અને તે અંગે જે કંઈ ખર્ચ કે નુકશાન થાય તો તે પાર્ટી પાસેથી વસુલ કરવાનો અને સિકયુરીટી ડિપોઝીટ જપ્ત કરવાનો અધિકાર યુનિવર્સિટીનો રહેશે. આવી રકમ જપ્તીના કારણો આપવામાં આવશે નહિ. નિયત સમય મર્યાદા બાદ જેટલા દિવસ કામ પુરુ પાડવામાં વિલંબ થશે તેટલા વિદસ માટે પ્રતિદિન રૂા. ૫૦૦/– લેખે દંડ વસુલ કરવાની અને દંડનાત્મક શિક્ષાની કાર્યવાહી યુનિ. કરી શકશે.

૧૩. ટેન્ડર ભરનાર પાર્ટીએ મોકલવાના થતા ટેકનીકલ બીડના દસ્તાવેજો સાથે રૂા. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર તેમને કોઈ સંસ્થા/સરકાર દ્વારા કાળી યાદીમનાં મુકવામાં આવેલ નથી કે તપાસ ચાલતી નથી તેવું સોગંદનામું રજૂ કરવાનું રહેશે.

૧૪. પેઢી/પ્રેસમાં એક કરતા વધારે ભાગીદારો/માલિકો હોય તો જે વ્યકિતને પેઢી/પ્રેસ વતી અથવા માલિક વતી કામ કરવાનો પાવર ઓફ એટર્ની આપેલ હોય તો તેની નલ જોડવાની રહેશે.

૧૫. કોઈ સંજોગો માં ફરીયાદનું કારણ ઉપસ્થિત થાય અથવા ટેન્ડરની શરતના અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો આ યુનિવર્સિટીના કુલસચિવશ્રીનો નિર્ણય છેવટનો અને આખરી ગણાશે અને ન્યાય જયુરીડીકશન કચ્છ રહેશે.

૧૬. ઓનલાઈન પરીક્ષાઓ અંગે શરતમાં નિયત થયેલ સમય સાચવવાનો રહેશે. સદરહું કામગીરી પરીક્ષાને લગતી હોઈ પરીક્ષાની ગુપ્તતા અને સમય ભંગ થશે તો યુનિવર્સિટી દંડનાત્મક જોગવાઈ અપનાવશે.

Krantiguru Shyamji Krishnavarma Kachchh University Bhuj-Kutch 370001

૧૭. આ અંગે કોઈપણ સાહિત્ય, પેપર તેમજ વિદ્યાર્થીના ગુણ ટેન્ડરર પોતાના કબજામાં રાખી શકશે નહી. એટલે કે ઓનલાઈન પરીક્ષા અંગે નો પુરેપુરો ડેટા યુનિવર્સિટીમાં જમા આપવાનો રહેશે.

૧૮. સદરહુ ભાવો કરાર ની તારીખથી ૧૨ માસ સુધી અમલમાં રહેશે. મંજુર થયા તારીખ થી ૧૨ માસ સુધી આ ભાવો એ કામગીરી કરાવી રહેશે.

૧૯. ઓર્ડર આપ્યા પરત્વે કોઈપણ રકમ એડવાન્સ પેટે ચુકવવામાં આવશે નહી. યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી સૂચનાઓ મુજબ નો સંતોષકારા રીતે, સ્પેસીફીકેશન, નમુના મુજબ જ ઓનલાઈન પરીક્ષા લીધેલ હશે તેનું બીલ રજુ થયા બાદ દિન ૧૫ માં અધિકારીશ્રીની મંજુરી બાદ બીલનું ચુકવણું ચેકથી કરવામાં આવશે.

ઉપરોકત તમામ શરો અમોએ બરાબર વાંચી, સમજી, વિચારીને સ્વીકૃત કરેલ છે. ટેન્ડરની ઉપરોકત તમામ શરતો અમોને અમારી પેઢીના માલિક/ભાગીદાર/કાયદેસરના પ્રતિનિધિને પણ કબુલ મંજુર અને બંધનકર્તા છે.

૨૪/૪/૨૦૨૦

નામ અને સહી : ..............................................
સરનામું : ..............................................
..............................................
ટેલીફોન નંબર (ઓફિસ) : ..............................
(ઘર) : ..............................................
મોબાઈલ નંબર : ..............................
ઈ–મેઈલ : ..............................
ફેક્સ નંબર : ..............................
જી.એસ.ટી. નંબર : ..............................
ઈન્કમ ટેક્ષ કાયમી ખાતા નંબર : ..............................
વેટ નંબર : ..............................

સ્થળ :
તા. /૮ /૨૦૨૦

Krantiguru Shyamji Krishnavarma Kutch University
Bhuj - Kutch
370001

# કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
## ભુજ – કચ્છ

### <u>ટેકનીકલ બીડ</u>

**(A) ટેન્ડર ભરનારના વ્યકિતની માલીકીના પેઢી/પ્રેસ/ એજન્સીના પ્રેસની માહિતી**

૧. પેઢી/કંપની/એજન્સીનુ નામ તથા સરનામુ :
ફોન નંબર:
ઓફીસ :
મોબાઈલ નંબર :
ફેકસ નંબર તથા ઈમેલ

૨. પેઢી/કંપની/એજન્સીના માલીકોના નામ :

૩. ભાગીદારોના હોય તો તેમના નામો:
(માલિક/ભાગીદાર/પ્રા.લી.)

૪. પેઢી/કંપની/એજન્સી રજીસ્ટેશન નંબર અને તારીખ :

૫. પેઢી/કંપની/એજન્સી કઈ કઈ ઓનલાઈન પરીક્ષા લીધેલ છે.
તેની વિગત આપવી

૬. પેઢી/કંપની/એજન્સીમાં કામ કરતા કારીગરો તથા અન્ય સ્ટાફની
સંખ્યા તથા કંપની એકટ રજીસ્ટ્રેશન નંબર :

૭. અગાઉ કોઈ યુનિવસિટી/સરકારી સંસ્થાની ઓનલાઈન:
પરીક્ષા લેવાનો અનુભવ છે?
જો હોય તો,યુનિવસિટી/સરકારી સંસ્થા/નામ
સરનામુ અને પરીક્ષાની વિગત આપવી
વિધાર્થી/ઉમેદવારની સંખ્યા દશાવવી.

૮. યુનિવર્સિટીની તાકીદ કામગીરી કરવાની

૯. જી.એસ.ટી નંબરની પ્રમાણીત નકલ જોડવી:

૧૦. પાનકાર્ડની પ્રમાણીત નકલ જોડવી :

**(B) ટેકનીકલ બીડ**

(૧) ટેન્ડરફી નો રૂા. ૧૦૦૦ નો ડ્રાફટ નંબર :

(૨) **EMD** નો રૂા. ૨૦,૦૦૦ નો ડ્રાફટ નંબર :

(૩) ટેન્ડરની શરત મુજબના દસ્તાવેજી પુરાવા :

(૪) ટેન્ડરની શરત અંગેનું સોગંદનામું :

પેઢી/કંપની/એજન્સીના માલિક ની સહી અને સિકકો

સ્થળ :
તા: ૦૭/૦૯/૨૦૨૦

Bhuj - Kutch
370001

## KSKV KACHCHH UNIVERSITY, BHUJ

on Rs. 300/- Stamp Paper

**Declaration**

I/We ....................................................................... do hereby declare that our firm is not block listed or and no enquiries/cases are pending against us by Govt. of Gujarat or any State Board/Universities since inception of the firm/company.

I/We further undertake that if above declaration proves to be wrong/incorrect or misleading our tender/contract stands to be cancelled/terminated.

Signature of Authorized person with
passport size photograph

Place :

Date :

Krantiguru Shyamji Krishnavarma Kutch University * Bhuj - Kutch 370001

## KSKV KACHCHH UNIVERSITY, BHUJ

### Price Bid

Name of the Firm :.............................................................................................................

Quotation for tender ID : ..........................................................................................

| Sr. No. | Description of work | Rate per student per paper for conducting online exam |
|---|---|---|
| 1 | providing service for online Examination : Conduct and processing of university Examination of various courses of KSKV Kachchh University, Bhuj – Kachchh | |

(1) Rate shall be **Inclusive of all taxes** and **transportation for providing** the University office.

I/We have correctly filled our offer amount and will supply the above items as per the above rates. I/We have read all the terms and conditions stipulated in the tender document and confirm to abide by the same, and they are binding upon me/us.

Date : / /

Place :

Signature : .............................

Seal :

Name :

Address :

**કરારનામું**

**યુનિવર્સિટીના વિવિધ કોર્ષની ઓનલાઈન પરીક્ષા લેવા અંતર્ગત કરારનામું**

આથી આજરોજ તા.................. ના રોજ ..................... મુકામે અમો કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ – કચ્છ કે જેને હવે પછી કે જેને હવે પછી સક્ષમ યુનિવર્સિટી તરીકે ઉલ્લેખ કરવામાં આવશે તેઓની વચ્ચે આથી કરાર કરવામાં આવશે. તે અને ................................................ કે હવે પછી તેમને એજન્સી/ટેન્ડરર તરીકે ઉલ્લેખ કરવામાં આવશે તેઓની વચ્ચે આથી કરાર કરવામાં આવે છે.

**કરારની શરતો**

૧. કરારનો એક વર્ષનો સમયગાળો તા. ................. થી તા. .................. સુધીનો રહેશે. નીચે મુજબ નકકી કરેલ દર કરારમાં નિયત થયા તારીખ થી પ્રથમ એક વર્ષ સુધી અમલમાં રહેશે. તેમ છતાં જરૂર જણાશે આ કોન્ટ્રાકટનો સમય યુનિવર્સિટીની જોવાઈ અનુસાર સમય માટે લંબાવી શકાશે.

૨. ઉતરવહીઓ/પુરવણીઓના તમામ ટેક્ષ સાથેના દર કરારના સમયગાળા માટે નીચે મુજબનો નિયત કરવામાં આવે છે.

| Sr. No. | Description of work | Rate per student per paper for conducting online exam |
|---|---|---|
| 1 | providing service for online Examination : Conduct and processing of university Examination of various courses of KSKV Kachchh University, Bhuj – Kachchh | |

૩. ઉપરોકત જણાવેલ દર તા. ..................... ની અસરથી અમલ માં ગણવામાં આવશે.

૪. ઉપરોકત દર વન ટાઈમના રહેશે. જેથી કરારના સમયગાળા દરમ્યાન તેમજ મુદત લંબાવ્યાના કિસ્સામાં પણ કોઈ ભાવ વધારો મળવાપાત્ર રહેશે નહિ.

૫. યુનિવર્સિટી જાણ કરે ત્યારે યુનિવર્સિટીને અગ્રતાના ધોરણે ઓનલાઈન પરીક્ષા લેવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે તો યુનિવર્સિટી દ્વારા બહારની કોઈપણ પાર્ટી પાસેથી લેવામાં આવશે અને જેમાં બિલનો/વધારાનો જે કોઈ ખર્ચ થશે તે ટેન્ડરર ના કોઈપણ બિલમાંથી અથવા જરૂર જણાયે સિકયુરીટી ડિપોઝીટમાંથી વસુલ કરાશે.

૬. ચુકવણાના બિલમાંથી નિયમોનુસાર **TDS** કપાત કરવામાં આવશે.

૭. કરારનામાંની કોઈપણ શરતના ભંગ બદલ સિયુરીટી ડિપોઝીટ પેટે જમા કરાવેલ રકમમાંથી ટેન્ડર મંજુર કરનાર કમિટી/અધિકારી ને યોગ્ય જણાય તેટલી અથવા પુરેપુરી ડિપોઝીટ જપ્ત કરી શકાશે. જેટલી રકમ જપ્ત થઈ હોય તેટલી જ રકમ ટેન્ડરરે તુરંત જમા કરાવવાની રહેશે.

૮. આ ઉપરાંત કરારમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતા કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સતા/યુનિવર્સિટી ટેન્ડરરને એક માસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકશે. આ રીતે રદ થયેલા કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહી.

૯. ટેન્ડર અન્વયે કરવામાં આવેલ આ કરારનામામાં આવશ્યકતા અનુસાર ભવિષ્યમાં કોઈ શરત ઉમેરવા, કમી કરવા કે સુધારા કરવાની સતા યુનિવર્સિટીને જ રહેશે જેને ટેન્ડર પાર્ટી બંધનકર્તા રહેશે.

૧૦. કરારની શરતોના અર્થઘટન કે વિવાદાસ્પદ પરિસ્થિતિમાં કુલપતિશ્રી,કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ નો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. કરેલ કરાર અંગેના કોઈપણ વિવાદ બાબતે Subject to Bhuj Jurisdiction રહેશે.

Krantiguru Shyamji Krishnavarma Kutch University, Bhuj Kutch 370001

૧૧. ટેન્ડર અંતર્ગત ઓનલાઈન પરીક્ષા લેવા અંગેની કામગીરી સબબ આ કરાર અમોએ બને પક્ષોએ કબૂલ, મંજુર અને બંધનકર્તા છે.

ટેન્ડરની તમામ શરતો વાંચી અને તેના અર્થઘટન સમજીને બિનકેફે, કોઈપણ દબાણ વગર તેની સાબિતી રૂપે નીચે જણાવેલ સાક્ષીઓ રૂબરૂમાં સહી કરી આપેલ છે.

સ્થળ :
તારીખ :

(૧) .....................................
ટેન્ડરર એજન્સીનું નામ/અધિકૃત પ્રતિનિધિનું
નામ/હોદો/એજન્સીના સિકકા અને સહી

(૨) .....................................
યુનિવર્સિટીના અધિકારીના હોદા
સહી અને સિકકા

સાક્ષીઓની નામ અને સહીઓ :

(૧) ................................
( )

(૨) ................................
( )

Krantiguru Shyamji Krishnavarma Kutch University * Bhuj - Kutch 370001